Extra No. 311

વાર્ષિક લવાજમનો દર રૂા.૪૦૦૦/-

©

સત્યમેવ જયતે

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIX ] FRIDAY, DECEMBER 14, 2018/AGRAHAYANA 23, 1940

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય**

**(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ )**

**જાહેરનામું**

નવી દિલ્હી, તારીખ: ૨૭મી જૂન, ૨૦૧૮

**જી.એસ.આર. ૫૮૮(ઇ).**— અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ (સન ૧૯૮૯ ના ૩૩ મા) ની કલમ ૨૩ ની પેટા-કલમ(૧) થી મળેલી સત્તાની રૂએ, કેન્દ્ર સરકાર, આથી, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ (અત્યાચાર નિવારણ) નિયમો, ૧૯૯૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ (અત્યાચાર નિવારણ) (સુધારા) નિયમો, ૨૦૧૮ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ (અત્યાચાર નિવારણ) નિયમો, ૧૯૯૫ (જેનો આમાં હવે પછી, ''નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ-૨ માં, ખંડ (જ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(જક) ''સ્વૈચ્છિક રીતે'' એ શબ્દોનો અર્થ, ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૮૬૦ ના ૪૫મા) ની કલમ ૩૯ માં તેનો જે અર્થ આપવામાં આવ્યો છે તે જ થશે.'.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૨ માં, પેટા-નિયમ (૫) ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

''(૫) અત્યાચારનો ભોગ બનેલી વ્યક્તિ અથવા તેના/તેણીના આશ્રિતને, મૃત્યુ અથવા ઇજા અથવા બળાત્કાર અથવા ટોળીએ કરેલ બળાત્કાર અથવા સૃષ્ટિ વિરૂદ્ધના ગુના અથવા એસિડનો

ઉપયોગ કરીને સ્વૈચ્છિક રીતે ગંભીર ઇજા પહોંચાડવાના અથવા સ્વૈચ્છિક રીતે એસિડ વગેરે ફેંકવાના અથવા ફેંકવાનો પ્રયત્ન કરવાના અથવા મિલકતને નુકસાન કરવાના સંબંધમાં પેટા-નિયમ(૪) હેઠળ આપેલી રાહત, તત્સમયે અમલમાં હોય તેવા કોઇ અન્ય કાયદા હેઠળ તેના સંબંધમાં વળતરનો દાવો કરવાના કોઇ અન્ય હક ઉપરાંતની રહેશે.''.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૬ના પેટા-નિયમ (૧)માં, ''પચીસ સભ્યોની વધુ નહિ તેટલા સભ્યોની'' એ શબ્દો કમી કરવા.

૫. સદરહુ નિયમોમાં, અનુસૂચિમાં, એનેક્ષર-૧ માં,-

(ક) અનુક્રમાંક ૨૪ની સામે, કોલમ (૨)માં, નોંધોને બદલે, નીચેની નોંધો મૂકવી, એટલે કે:-

''ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૮૬૦ ના ૪૫ મા) ની કલમ ૩૨૬ ક – એસિડ વગેરેનો ઉપયોગ કરીને સ્વૈચ્છિક રીતે ગંભીર ઇજા પહોંચાડવી,

ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૮૬૦ના ૪૫મા) ની કલમ ૩૨૬ ખ – સ્વૈચ્છિક રીતે એસિડ ફેંકવો અથવા ફેંકવાનો પ્રયાસ કરવો,

[અધિનિયમની અનુસૂચિ સાથે વાંચતા કલમ ૩(૨) (મ), ૩(૨) (મક)]'';

(ખ) અનુક્રમાંક ૨૬ની સામે, કોલમ (૨)માં, ''કલમ ૩(૨)(મક)'' એ શબ્દ, આંકડા, કૌંસ અને અક્ષરોને બદલે, ''કલમ ૩(ક) (મક)'' એ શબ્દ, આંકડા, કૌંસ અને અક્ષરો મૂકવા;

(ગ) અનુક્રમાંક ૪૪ની સામે, કલમ (૨)માં,-

(૧) ''બળાત્કાર અથવા ટોળીએ કરેલ બળાત્કાર'' એ શબ્દોને બદલે, ''બળાત્કાર, સૃષ્ટિ વિરૂદ્ધના ગુના અથવા ટોળીએ કરેલ બળાત્કાર'' એ શબ્દો મૂકવા;

(૨) બાબત (૧)ને બદલે, નીચેની બાબત મૂકવી:-

''(૧) બળાત્કાર વગેરે અથવા સૃષ્ટિ વિરૂદ્ધના ગુના (ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૮૬૦ના ૪૫મા) ની કલમો ૩૭૫, ૩૭૬, ૩૭૬ ક, ૩૭૬ ચ અને ૩૭૭).''.

[એફ. નં.૧૧૦૧૨/૧/૨૦૧૬-પીસીઆર (ડેસ્ક)]

આઇન્દ્રી અનુરાગ, સંયુક્ત સચિવ.

----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.